PRESS RELEASE

INSIGHT

THE CONSUMER MAGAZINE

Ref: L\er\press\2006\40tu_24g.p65\24-dg

# ૪૦ વોટની ટ્યુબ લાઈટ
# કઈ બ્રાન્ડ વધુ ચાલે છે અને વિશેષ પ્રકાશ આપે છે.

***ઈનસાઈટ - ધી કન્ઝ્યુમર મેગેઝીન*** તેના જુલાઈ - **ઓગષ્ટ ૨૦૦૬**નાં અંકમાં **૪૦ વોટ ટ્યુબ લાઈટની** ૧૧ બ્રાન્ડની ૫૦૦૦ કલાકો માટેના આયુષ્યનું તુલનાત્મક પરીક્ષણ પોતાનીજ પ્રયોગશાળામાં કરી તેના પરિણામો પ્રસિધ્ધ કરેલા છે.

***ખરીદવા માટે શ્રેષ્ઠ***

અમારી નીતિ સામાન્ય રીતે એવી રહેલી છે કે ગુણાંકમાં જે પ્રથમ ત્રણ ક્રમાકેં આવે છે તેને ખરીદવા માટે શ્રેષ્ઠની ભલામણ કરવામાં આવે છે. હાલના કિસ્સામાં ઓસરામ (Osram) (પ્રથમ), ઈસીઈ (ECE) અને જીઈ (બન્ને દ્વિતીય) અને ફીલીપ્સ (ત્રીજા) ક્રમાંકે આવે છે. પંરતુ આ વખતે એક અપવાદ કરીએ છીએ અને ખરીદવા માટે શ્રેષ્ઠની ભલામણમાં અન્ય ત્રણ બ્રાન્ડ ઉમેરીએ છીએ કારણકે તેના સર્વાંગી ગુણાંકોમાં સૌથી પ્રથમની ત્રણ બ્રાન્ડના ગુણાંકોમાં માત્ર નજીવો તફાવત છે. વળી, વાંચકોના જણાવ્યા પ્રમાણે ભલામણ વાળી શ્રેષ્ઠ બ્રાન્ડ, તેમના વિસ્તારમાં ઉપલબ્ધ હોતી પણ નથી. આ કારણે વાચકોને વિશેષ પંસદગી મળી રહે તે હેતુથી ચોથા ઉંચા ક્રમાંકે રહેલ એન્કર ક્લાસીક (Anchor Classic) (૮૭) પાંચમા ઉચા ક્રંમાકની બજાજ (Bajaj) (૮૫) અને છઠ્ઠા ઉંચા ક્રમાંકની ન્યુ ક્રોમ્પટનને (Crompton) (૮૪) પણ ખરીદવા માટે શ્રેષ્ઠની ભલામણમાં લીધેલ છે.

આ અગાઉ, ૧૩ બ્રાન્ડની ૪૦ વોટની ટ્યુબલાઈટો ભારતીય માનક ૨૪૧૮ (ભાગ ૧ થી ૪) - ૧૯૭૭ અન્વયે ૨૦૦૦ કલાકોના આયુષ્ય માટે ચકાસેલ. સદર ૧૩ પૈકી ૧૧ બ્રાન્ડ માનકો અનુસાર માલુમ પડેલી જ્યારે બાકીની બે બનાવટો નકલી જણાએલ હોવાથી તેને આયુષ્ય માટેની ત્યાર પછીની ચકાસણીઓમાંથી બાકાત રાખવામાં આવેલ હતી.

***સતત ચાલુ રખાએલ ચકાસણી***

માનકો પ્રમાણે ટ્યુબલાઈટોના આયુષ્યની ચકાસણી માટે નિર્દિષ્ઠ કરાએલ આયુષ્યના ૭૦ ટકાને ચકાસી શકાય છે. જો કે ટ્યુબલાઈટો ઉપર કે તેના પેંકીગ ઉપર આવુ દર્શાવેલ હોતુ નથી. તેથી ઉત્પાદકોના સાથેના અમારા પત્ર વ્યવહારથી ખુલવા પામેલ કે ૫૦૦૦ કલાકો નું આયુષ્ય આંકવામાં આવેલ છે. આથી ભારતીય માનક ૨૪૧૮ ભાગ ૧-૧૯૭૭ (સુધારા નં. ૩) ને આધીન રહી ૩૫૦૦ કલાકો સુધીની ચકાસણી કરેલ હતી. ગ્રાહકોના હિતાર્થે ફરી વખત તેને માટે અંકિત કરેલ ૫૦૦૦ કલાકો સુધીની ચકાસણી હાથ ધરી હતી. જે માટે માનકોમાં કોઈ પ્રાવધાન નથી. જે બ્રાન્ડ ૫૦૦૦ કલાકો કામ આપતી હોય તે અઢીથી ત્રણ વર્ષો સુધી એક દિવસના પાંચ કલાકોની સરેરાશે ચાલવી જોઈએ.

***ચકાસણીના પરિમાણ બિંદુઓ***

બે ભારતીય માનકો અને માનકો જ્યાં નથી ત્યાં પાંચ પરિમાણ બિંદુઓ અન્વયે દરેક ૧૧ બ્રાન્ડના ૧૦ નમુનાઓ ચકાસેલ. ચકાસણી બે ભાગોમાં કરાએલ હતી - પ્રથમ તબક્કે ૩૫૦૦ કલાકો સુધી અને બીજી વખતે ૫૦૦૦ કલાકો સુધી.

...૨/-

Opinions, test results and research findings issued through this Press Release cannot be used in any form directly or indirectly for advertising, promotional or commercial purpose.

CERS

CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY

"Suraksha Sankool", Thaltej, Sarkhej-Gandhinagar Highway, Ahmedabad 380 054 (INDIA)

Phone: 079-27489945-46, 30121001-2-3 Fax: 079-27489947 Email: cerc@cercindia.org

ભારતીય માનકોના બે પરિમાણ બિંદુઓ આ પ્રમાણે હતા - ૩૫૦૦ કલાક સુધીના આયુષ્ય માટેની કેટલી ટ્યુબલાઈટો ૩૫૦૦ કલાકો સુધી સતત ચાલતી રહેલ અને ૩૫૦૦ કલાક દરમ્યાન સરેરાશ કેટલો પ્રકાશ ફેકતી હતી. ટ્યુબલાઈટની વપરાશ ચાલુ થતાજ ક્રમશઃ તેના પ્રકાશમાં ધટાડો થતો જાય છે. માત્ર એ પુરતુ નથી કે નમુનાઓ ચાલુ રહે પણ પુરતો પ્રકાશ આપવો જોઈએ. ટ્યુબલાઈટે તેના આયુષ્ય દરમ્યાન પ્રકાશના પ્રમાણમાં સાતત્ય જાળવી રાખવુ જોઈએ.

૫૦૦૦ કલાકો સુધીના આયુષ્ય માટે ભારતીય માનકો ન હોવાથી તે ચકાસવા માટેના પાંચ પરિમાણ બિંદુઓથી ચકાસેલ એટલે કે - ૫૦૦૦ કલાકો સુધી કેટલી ટ્યુબલાઈટો સતત ચાલેલી અને ૫૦૦૦ કલાકો દરમ્યાન તેનો સરેરાશ પ્રકાશ, ૩૫૦૦ કલાકો અને ૫૦૦૦ કલાકો માટે તેની સરેરાશ કાર્યસાધકતા અને કેટલી ટ્યુબલાઈટોના છેડાઓ કાળા પડવા લાગ્યા. કાર્યસાધકતા એ ઉર્જા બચતની ક્ષમતાનું માપ છે. વ્યાખ્યામાં તેને એમ કહી શકાય કે એક વોટની વિદ્યુત ઉર્જામાંથી પ્રકાશ ફેકવા માટે વપરાતી વીજળી. જે ટ્યુબલાઈટ વધુમાં વધુ પ્રકાશ આપે છે અને ઓછામાં ઓછો વિદ્યુત વાપરે છે તેને સોથી વધુ કાર્યસાધકતાવાળી કહી શકાય.

***<u>ટ્યુબલાઈટનું આયુષ્ય</u>***

૧૧ બ્રાન્ડ પૈકી પ્રત્યેક ૯ બ્રાન્ડના ૧૦ નમુનાઓ ૩૫૦૦ કલાક સુધી સંતોષકારક ચાલી હતી. ક્રોમ્પટનની એક અને સીમાની બે ટ્યુબલાઈટો ૩૫૦૦ કલાક પહેલા ચાલતી બંધ પડી ગઈ હતી.

***<u>લ્યુમેનની જાળવણી</u>***

૨૦૦૦ કલાકો ની ચકાસણી કર્યા પછી ૨૮૦૦ કલાકો; ૩૫૦૦ કલાકો; ૪૩૦૦ કલાકો; અને ૫૦૦૦ કલાકનાં સમયાંતરે ક્રમશઃ પ્રકાશનું સાતત્ય ચકાસેલ હતુ. ભારતીય માનક પ્રમાણે ૩૫૦૦ કલાકે પ્રકાશની સરેરશ જાળવણી તેના પ્રારંભના પ્રકાશના ૮૦ ટકાથી ઓછી ન હોવી જોઈએ. બધી ૧૧ બ્રાન્ડ આ પરિમાણ બિંદુઓ અનુસાર જણાએલ.

૩૫૦૦ કલાકો પૂર્ણ થતા પ્રકાશ જાળવણીની સરેરાશ ટકાવારી ઓસરામમાં સહુથી ઉંચી ૯૨.૭૮ ટકા માલુમ પડેલ, ત્યાર પછીના ક્રમે ઈસીઈ ૯૧.૧૪ અને જીઈ. ૯૦.૬૧ માલુમ પડેલ છે. બેંગાલ લેમ્પ (Bengal Lamps) સોથી ઓછા આંકે ૮૩.૨૮ રહેલ.

***<u>૫૦૦૦ કલાક</u>***

૫૦૦૦ કલાકના આયુષ્ય માટે દરેક ૯ બ્રાન્ડના ૧૦ નમુનાઓ, ક્રોમ્પટનનાં ૯ નમુનાઓ અને સીમાના ૮ નમુનાઓ ચકાસેલા. ૬ બ્રાન્ડ જેવી કે ફીલીપ્સ, ઓસરામ, જીઈ, ઈસીઈ, બજાજ અને એન્કરના તમામ ૧૦ નમુનાઓ ૫૦૦૦ કલાકો સુધી પ્રકાશ અંગે ૮૦ ટકા થી પણ વધુ સંતોષકારક ચાલેલ.

વિપ્રો અને સીમાનાં માત્ર ૫ નમુનાઓ અને બેંગાલ લેમ્પસનાં ૬ નમુનાઓ ૫૦૦૦ કલાકો સુધી ચાલેલ.

બેંગાલ લેમ્પના એક નમુનાની સરેરાશ પ્રકાશ (લ્યુમેન) ની જાળવણી ૮૦ ટકાથી ઓછી માલુમ પડેલ. જ્યારે ઓસરામના સરેરાશ પ્રકાશની જાળવણી સહુથી ઉંચી ૯૦.૨૭ અને ત્યાર પછીના ક્રમે ઈસીઈ ૯૦.૧૬ જણાએલ.

***<u>કાર્યસાધકતા</u>***

પ્રારંભની આદર્શ કાર્યસાધકતા (પ્રારંભે નિર્દિષ્ઠ કરાયેલ પ્રકાશને પ્રારંભના નિર્દિષ્ઠ કરાયેલ વોટેજથી ભાગવામાં આવે તે) ૬૧.૨૫ છે. ટ્યુબલાઈટના વપરાશ સાથે કાર્યસાધકતાનું આયુષ્ય ક્રમશઃ ઘટતુ જાય છે.

...૩/-

૩૫૦૦ કલાક માટે ઈસીઈમાં સરેરશ કાર્યસાધકતા સૌથી ઉંચી ૫૩.૪૩, પછીના ક્રમે ફીલીપ્સની ૫૨.૮૦ હતી. બેંગાલ લેમ્પસની સરેરાશ કાર્યસાધકતા સૌથી ઓછી ૪૯.૦૫ જણાએલ.

૫૦૦૦ કલાક માટેની કાર્યસાધકતા ઈસીઈની ૫૨.૭૭, ફીલીપ્સની ૫૧.૬૫ અને બેંગાલ લેમ્પની ૪૫.૮૫ જણાએલ.

***<u>છેડાઓ કાળા પડવા અંગે</u>***

બેંગાલ લેમ્પની ટ્યુબલાઈટમાં ૩૫૦૦ કલાકને અંતે તેના છેડાઓ ઉપર કાળા ડાઘ જોવા મળેલા. ૫૦૦૦ કલાકો પછી તેના ૧૦ નમુનાઓ પર કાળા ડાઘ પડવા લાગેલ. છેડાઓનું કાળુ પડવુ એવું સુચવે છે કે ટ્યુબલાઈટનું આયુષ્ય ક્રમશઃ ઘટી રહ્યુ છે. ૫૦૦૦ કલાકો પુરા થયા પછી ફીલીપ્સ, જીઈ અને ઓસરામના ૧૦ નમુનાઓમાંથી કોઈના પણ છેડાઓ કાળા થતા જણાયા નહિ. સૂર્યા અને સીમાનાં બધાજ નમુનાઓનાં છેડાઓ ૫૦૦૦ કલાકે કાળા પડવા લાગેલ.

એનોડ રીંગ બેસાડેલ છે જે છેડાઓને કાળા થતા અટકાવે છે તેવો નિર્દેશ તેના લેબલ ઉપર કરેલ છે.

***<u>બ્યુરો ઓફ એનર્જી એફીસીઅન્સી (BEE) દ્વારા સુચિત તારા (Star) લેબલ</u>***

સદર બ્યુરો દ્વારા ઉર્જા લેબલીગં કાર્યક્રમ વિકસાવાયેલ છે. જે ટ્યુબલાઈટની બ્રાન્ડનો ઉર્જા ગુણાંક સુચવવા વપરાશે. આ કાર્યક્રમ હેઠળ ટ્યુબલાઈટોને ૧ થી ૫ તારાઓમાં ગુણાંક અપાશે. સહુથી વધુ કાર્યક્ષમ બનાવટને ૫ તારાઓ અંકિત કરાશે. બ્યુરોના આવા લેબલ સાથેના ઉત્પાદનો બજારમાં જુલાઈ - ૦૬ થી આવવાનો સંભવ છે.

***<u>ચકાસેલ બ્રાન્ડઝ</u>***

નીતિ અનુસાર પરિક્ષણોનાં પરિણામોની જાણ બધા ઉત્પાદકોને તેમના મંતવ્યો મેળવવા માટે કરવામાં આવે છે. દરેક ઉત્પાદકોને માત્ર તેમની બનાવટના પરિક્ષણોના પરિણામો મળે છે.

બજાજ તરફથી એવો પ્રત્યુત્તર મળેલ છે કે છેડાઓ કાળા પડવાથી ટ્યુબ લાઈટની કામગીરી ઉપર કોઈ અસર પડતી નથી. વિશેષમાં તેમણે કહ્યુ છે કે બન્ને બાજુએ બે એનોડ રીંગઝ બેસાડવાથી આ પ્રક્રિયા અટકાવી શકાય પણ આથી કીંમતમાં ઓછામાં ઓછો રૂા. ૧/- નો વધારો થશે.

ક્રોમ્પટન અને સૂર્યાના ઉત્પાદકોએ, પ્રેસમાં જતા સુધી કોઈ પ્રતિસાદ આપ્યો નથી. ગુણાંક અને ક્રમાંકની વિગતો, ખરીદી માટે શ્રેષ્ઠ અને ઉત્પાદકો સાથેનો પત્રવ્યવહાર **ઈનસાઈટ - ધી કન્ઝયુમર મેગેઝીનનાં જુલાઈ - ઓગ્ષ્ટ ૨૦૦૬** ના અંકમાં પ્રસિધ્ધ કરાયા છે.

જે ૧૧ બ્રાન્ડ ચકાસેલ તેમાં વીપ્રો, સુર્યા - એચ બી.ટી, ન્યુ સીમા સુપર, ઈસીઈ અમર જ્યોતિ, જીઈ - સ્ટાન્ડર્ડ, ન્યુ ફીલીપ્સ ચેમ્પીઅન એઆર, ન્યુ ક્રોમ્પટન, ઓસરામ, બજાજ, એન્કર ક્લાસીકસ અને બેંગાલ લેમ્પ (CM-/L 8527181).

*સ્થળ : અમદાવાદ*
*તારીખ :૩૦-૦૬-૦૬*

*પ્રીતી શાહ*
*તંત્રી*
*ઈનસાઈટ - ધી કન્ઝયુમર મેગેઝીન*

★★★